**ગીર સોમનાથ જિલ્લામાં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના અન્વયે બાકી પ્રિમિયમ**

***૧૫/૪/૨૩૭૨ : શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખરીફ–૨૦૧૯ના વર્ષમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના હેઠળ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને ખેડૂતોએ કેટલી રકમનું વિમા પ્રિમિયમ ખાનગી વીમા કંપનીઓને ભરેલ, | (૧) ખરીફ–૨૦૧૯ના વર્ષમાં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧૫૨૩,૭૫,૭૬,૭૮૯/–, રાજ્ય સરકાર દ્વારા રૂ. ૬૯૨,૫૦,૦૦,૦૦૦/– અને ખેડૂતોએ રૂ.૪૨૬,૦૬,૧૯,૨૯૨/– રકમનું વીમા પ્રિમિયમ ખાનગી વીમા કંપનીઓને ભરેલ છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત વર્ષના વિમા પેટે ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચુકવવાની બાકી છે, | (૨) પત્રક–૧ મુજબ. |
| (૩) ઉક્ત રકમ ચૂકવવાની બાકી રહેવાના કારણો શા છે, અને | (૩) વહીવટી કારણોસર. |
| (૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૪) ચૂકવણી વીમા કંપની દ્વારા થતી હોઈ તે તાત્કાલિક ચૂકવવા વીમા કંપનીને સૂચના આપવામાં આવેલ છે. |

**પત્રક–૧**

તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ખરીફ–૨૦૧૯ના વિમા પેટે ગીર સોમનાથ જિલ્લાના દાવા ચૂકવવાના બાકી ખેડૂતોની સંખ્યા તેમજ રકમની વિગત

| અ.નં. | તાલુકા | ખેડુતોની સંખ્યા | ચૂકવવાની બાકી રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ગીર ગઢડા | ૨૧ | ૧,૧૭,૮૨૬ |
| ૨ | કોડીનાર | ૧૭૩૮ | ૩૫,૧૬,૯૩૨ |
| ૩ | પાટણ વેરાવળ | ૬૧૧૧ | ૩,૧૬,૨૨,૨૮૯ |
| ૪ | સુત્રાપાડા | ૨૮૯૩ | ૫૬,૭૧,૫૭૧ |
| ૫ | તાલાલા | ૫૨ | ૨,૭૮,૫૦૬ |
| ૬ | ઉના | ૧૦ | ૫૮,૭૯૯ |

------------------------